# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 26-11-2024 MIDDAY : 1.20 to 1.30
Day : TUESDAY National News

આકાશવાણી સમાચાર **ચૈતાલી જોષી** વાંચે છે.

*****************************************************

1) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ જણાવ્યું છે કે, 'બંધારણના સિદ્ધાંતોને જીવનમાં ઉતારીને આપણે દેશને પ્રગતિશીલ અને સમૃદ્ધ બનાવી શકીએ છીએ.'
2) કેન્દ્ર સરકારે 15 રાજ્યો માટે આપત્તિશમન અને ક્ષમતા નિર્માણ પ્રોજેક્ટ માટે એક હજાર 115 કરોડ રૂપિયાથી વધુની મંજૂરી આપી.
3) એકનાથ શિંદેએ મહારાષ્ટ્રના મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપ્યું.
4) આજે રાષ્ટ્રીય દૂધ દિવસ : આગામી 10 વર્ષમાં વિશ્વમાં ઉત્પાદિત કુલ દૂધમાંથી ત્રીજા ભાગનું ઉત્પાદન કરવાનું ભારતનું લક્ષ્ય.
5) અમેરિકાના પદનામિત રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે મેક્સિકો અને કેનેડાથી આયાત પર 25, ચીનથી આયાત પર 10 ટકા કર લાદવાનો નિર્ણય કર્યો.

*************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## PREZ CONSTITUTION DAY

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ કહ્યું, 'આપણા બંધારણના સિદ્ધાંતોને જીવનમાં ઉતારીને આપણે ભારતને એક પ્રગતિશીલ અને સમૃદ્ધ દેશ બનાવી શકીએ છીએ.' બંધારણ દિવસ નિમિત્તે આજે સંસદના બંને ગૃહના સંયુક્ત સત્રને સંબોધિત કરતાં સુશ્રી મુર્મૂએ આ મુજબ જણાવ્યું હતું.

સુશ્રી મુર્મૂએ ઉમેર્યું, 'આપણું બંધારણ આપણા લોકતાંત્રિક પ્રજાસત્તાકનો પાયો છે, જે આપણા સામૂહિક અને વ્યક્તિગત સ્વાભિમાનને સુનિશ્ચિત કરે છે.' સુશ્રી મુર્મૂએ 3 નવા ફોજદારી કાયદાનો ઉલ્લેખ કરી તમામ સંશોધકોની પ્રશંસા કરી હતી.

(બાઈટ- રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ)

દરમિયાન રાષ્ટ્રપતિએ બંધારણના આદર્શોને પોતાના જીવનમાં અપનાવીને એક નવા ભારતની દિશામાં પગલું ભરવા દેશવાસીઓને અપીલ કરી હતી. સુશ્રીએ સમગ્ર દેશ તરફથી સંવિધાન સભાના સભ્યો અને કર્મચારીઓને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. આ પ્રસંગે રાષ્ટ્રપતિએ એક સ્મારક સિક્કા અને ટપાલ ટિકિટ, સંસ્કૃતમાં ભારતના બંધારણ અને મૈથિલીમાં પણ ભારતના બંધારણનું પણ વિમોચન કર્યું હતું.

ઉપ-રાષ્ટ્રપતિ જગદીપ ધનખડે કહ્યું, આજના આ ઐતિહાસિક દિવસે ભારતના બંધારણને અપનાવવાના 75 વર્ષની સફળતાનું પ્રતિક છે. આ આપણા દેશની સૌથી મોટી અને સૌથી પ્રગતિશીલ લોકતંત્ર માટે એક મહાન સિદ્ધિ છે.

## PM CONSTITUTION DAY

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભારતીય બંધારણની 75મી વર્ષગાંઠ નિમિત્તે દેશવાસીઓને શુભેચ્છાઓ પાઠવી છે. સોશિયલ મીડિયાના એક સંદેશમાં શ્રી મોદીએ કહ્યું, 'બંધારણ દેશનું માર્ગદર્શક છે. આજે દેશ પોતાની સંપૂર્ણ ક્ષમતા સાથે આગળ વધતા પોતાની વિવિધતા પર ગર્વ કરી રહ્યો છે.' શ્રી મોદીએ ભારતીય સંવિધાનને દેશની હજારો વર્ષોની પરંપરાની આધુનિક અભિવ્યક્તિ પણ ગણાવી હતી.

## PM-CONSTITUTION-DAY

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સાંજે નવી દિલ્હીમાં સર્વોચ્ચ અદાલત ખાતે બંધારણ દિવસની ઉજવણીમાં ઉપસ્થિત રહેશે. શ્રી મોદી આ પ્રસંગે સભાને

સંબોધન કરશે. પ્રધાનમંત્રી ભારતીય ન્યાયતંત્રનો વાર્ષિક અહેવાલ 2023-24 પણ બહાર પાડશે.

આ પ્રસંગે કેન્દ્રીય કાયદા મંત્રી અર્જુનરામ મેઘવાલ, ભારતના ન્યાયમૂર્તિ સંજીવ ખન્ના અને સર્વોચ્ચ અદાલતના અન્ય ન્યાયાધીશો પણ હાજર રહેશે. આ કાર્યક્રમનું આયોજન સર્વોચ્ચ અદાલત દ્વારા કરાયું છે.

## CONSTITUTION DAY

દેશમાં આજે બંધારણ દિવસ ઉજવાઈ રહ્યો છે. આ ઉજવણી 26મી નવેમ્બર, 2025 સુધી ચાલુ રહેશે. ભારતના ન્યાયમૂર્તિ સંજીવ ખન્નાએ બંધારણ દિવસની શુભેચ્છાઓ પાઠવતા જણાવ્યું કે, ભારત એક જીવંત લોકશાહી અને ભૌગોલિક રાજકીય નેતા તરીકે ઉભરી આવ્યું છે અને દેશના બંધારણે આ પરિવર્તનમાં મદદ કરી છે.

સર્વોચ્ચ અદાલતના બાર એસોસિએશન દ્વારા આયોજિત બંધારણ દિવસ સમારોહને સંબોધતા, ન્યાયમૂર્તિએ સ્વતંત્રતા પછી ભારતીય લોકશાહીમાં બંધારણની ભૂમિકા પર ભાર મૂક્યો હતો.

## GOVT - DISASTER FUND

કેન્દ્ર સરકારે 15 રાજ્યો માટે આપત્તિશમન અને ક્ષમતા નિર્માણ પરિયોજના માટે એક હજાર 115 કરોડ રૂપિયાથી વધુની મંજૂરી આપી છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની અધ્યક્ષતામાં એક ઉચ્ચ સ્તરીય સમિતિએ આ ભંડોળને મંજૂરી આપી છે. સમિતિએ ઉત્તર-પૂર્વના 8 રાજ્યો માટે 378 કરોડ રૂપિયા, ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશ માટે 139 કરોડ રૂપિયા, મહારાષ્ટ્ર માટે 100 કરોડ રૂપિયા, કર્ણાટક અને કેરળ માટે 72 કરોડ રૂપિયા તેમજ તમિલનાડુ અને પશ્ચિમ બંગાળ માટે 50 કરોડ રૂપિયા મંજૂર કર્યા છે.

આ સમિતિએ નાગરિક સંરક્ષણની તાલીમ અને ક્ષમતા નિર્માણ માટેના બીજી પરિયોજનાને પણ મંજૂરી આપી છે. ગૃહ મંત્રાલયે જણાવ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના આપત્તિ પ્રતિરોધક ભારતના લક્ષ્યને સાકાર કરવા મંત્રાલયે દેશમાં આપત્તિના અસરકારક સંચાલનને સુનિશ્ચિત કરવા ઘણી પહેલ કરી છે. દેશમાં આપત્તિ જોખમ ઘટાડવાની પ્રણાલીને મજબૂત કરી આપત્તિઓ દરમિયાન જીવન અને સંપત્તિને કોઈ પણ વ્યાપક નુકસાનને રોકવા માટે સંખ્યાબંધ પગલાં લેવાયા છે.

## MUMBAI - EKNATH SHINDE RESIGNS

એકનાથ શિંદેએ મહારાષ્ટ્રના મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપી દીધું છે. રાજ્યપાલ સી. પી. રાધાક્રિષ્નને શ્રી શિંદેને કાર્યકારી મુખ્યમંત્રી તરીકે નિયુક્ત કર્યા છે. એકનાથ શિંદે અને તેમના નાયબ મુખ્યમંત્રીઓ દેવેન્દ્ર ફડણવીસ અને અજિત પવાર સાથે આજે રાજભવન ખાતે રાજ્યપાલને મળ્યા હતા. વર્તમાન વિધાનસભાનો કાર્યકાળ આજે પૂરો થઈ રહ્યો છે.

ભાજપ, એકનાથ શિંદેની આગેવાની હેઠળની શિવસેના અને રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (NCP) ના અજિત પવારના જૂથનાં મહાયુતિ ગઠબંધને 288માંથી 230 બેઠકો મેળવી હતી.

ભાજપ 132 બેઠકો સાથે સૌથી મોટાં પક્ષ તરીકે ઊભરી આવ્યો છે, જ્યારે એકનાથ શિંદેની આગેવાની હેઠળની શિવસેનાને 57 અને અજિત પવારની આગેવાની હેઠળની NCPને 41 બેઠકો મળી છે.

## MID BREAK- NEWS

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABADને ફોલૉ કરી શકો છો.

## NATIONAL MILK DAY - GCMMF

ભારત આગામી 10 વર્ષમાં વિશ્વમાં ઉત્પાદિત કુલ દૂધમાંથી ત્રીજા ભાગનું ઉત્પાદન કરવાનું લક્ષ્ય ધરાવે છે. રાષ્ટ્રીય દૂધ દિવસ નિમિત્તે આકાશવાણી સાથે ખાસ વાત કરતા, અમૂલ બ્રાન્ડ તરીકે પ્રખ્યાત ગુજરાત કો-ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશનના મેનેજિંગ ડિરેક્ટર જયેન મહેતાએ જણાવ્યું કે અમૂલ ફેડરેશન આ લક્ષ્યને હાંસલ કરવા મોટી ભૂમિકા ભજવવાનું લક્ષ્ય ધરાવે છે અને સંયુક્ત રાજ્ય અમેરિકા - યુએસએ પછી અમૂલ યુરોપમાં તેની હાજરી સ્થાપિત કરવા તૈયાર છે.

શ્રી મહેતાએ આગામી વર્ષોમાં 2 લાખથી વધુ ગામડાઓમાં ડેરી સહકારી સ્થાપવાની ખાતરી કરવા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના લક્ષ્યની પણ પ્રશંસા કરી હતી.

### (બાઇટ - જયેન મહેતા)

## DAY US TRUMP TARIFF

અમેરિકાના પદનામિત રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે મેક્સિકો અને કેનેડાથી આયાત પર 25 ટકા અને ચીનથી આયાત પર 10 ટકા કર લાદવાનો નિર્ણય કર્યો છે. શ્રી ટ્રમ્પના જણાવ્યા મુજબ, આ કર આવતા વર્ષે 20 જાન્યુઆરીએ તેમના શપથ લીધા પછી અમલમાં આવશે. શ્રી ટ્રમ્પે કહ્યું કે ફેન્ટાનાઇલની હેરફેર રોકવામાં નિષ્ફળ રહેવા બદલ ચીન પર વધારાનો 10 ટકા કર લાદવામાં આવશે.

દરમિયાન, અર્થશાસ્ત્રીઓએ આ કર દેશમાં ફુગાવો વધારી શકે અને આર્થિક પ્રગતિને નુકસાન પહોંચાડી શકે છે તેવી ચેતવણી આપી છે. શ્રી ટ્રમ્પે પ્રચાર દરમિયાન વારંવાર કહ્યું હતું કે તેઓ યુએસ હિતોના રક્ષણ અને પ્રોત્સાહન માટે ટેરિફનો ઉપયોગ કરશે.

## PREZ MUMBAI ATTACK

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ મુંબઈમાં 26 નવેમ્બર 2008ના દિવસે થયેલા આતંકી હુમલામાં જીવ ગુમાવનારા લોકોને શ્રદ્ધાંજલિ અર્પણ કરી છે. સોશિયલ

મીડિયાના એક સંદેશમાં રાષ્ટ્રપતિએ લખ્યું કે, દેશવાસીઓની રક્ષા કરવા સર્વોચ્ચ બલિદાન આપનારા સુરક્ષાકર્મીઓને દેશ નમન કરે છે. રાષ્ટ્રપતિએ આવા સુરક્ષાકર્મીઓના પરિવારજનો પ્રત્યે સંવેદના વ્યક્ત કરતાં કહ્યું કે, ભારત આતંકવાદને નાબૂદ કરવા માટે દ્રઢતાથી પ્રતિબદ્ધ છે.

## INDUSTRIALIST SHASHIKANT RUIA PASSES AWAY

એસ્સાર ગ્રુપના સહ-સ્થાપક શશિકાંત રુઈયાનું 81 વર્ષની વયે લાંબી બીમારીના કારણે ગઈકાલે અવસાન થયું. તેમણે ભારતની વ્યાપારી પૃષ્ઠભૂમિને પુનઃવ્યાખ્યાયિત કરવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. તેમણે એસ્સાર જૂથનો પાયો નાખ્યો અને તેને વૈશ્વિક સમૂહ બનાવ્યું.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઉદ્યોગપતિ શશિકાંત રુઈયાના નિધન પર શોક વ્યક્ત કર્યો છે. એક સોશિયલ મીડિયા સંદેશમાં, શ્રી મોદીએ કહ્યું કે શશિકાંત રુઈયા ઉદ્યોગ જગતમાં એક વિશાળ વ્યક્તિ હતા અને તેમના દૂરંદેશી નેતૃત્વ અને શ્રેષ્ઠતા પ્રત્યેની અતૂટ પ્રતિબદ્ધતાએ દેશના વ્યાપારની પૃષ્ઠભૂમિને બદલી નાખ્યું છે.

## MAHARASHTRA RASHMI SHUKLA DGP

મહારાષ્ટ્ર સરકારે સુશ્રી રશ્મિ શુક્લાને પોલીસ મહાનિદેશક- DGP અને રાજ્યનાં પોલીસ દળનાં પ્રમુખ તરીકે ફરી નિયુક્ત કર્યાં છે. ગઈકાલે સાંજે રાજ્યના ગૃહ વિભાગે જાહેર કરેલા આદેશ અનુસાર, આ નિર્ણય વિધાનસભા ચૂંટણીના પરિણામ બાદ લેવાયો છે.

સુશ્રી રશ્મિ શુક્લાને તેમના પદથી હટાવાયાં બાદ ભારતીય પોલીસ સેવાના વરિષ્ઠ અધિકારી સંજયકુમાર અસ્થાયી રીતે ડીજીપીનો પદભાર સંભાળી રહ્યા હતા. વિધાનસભા ચૂંટણી પેહલા ચૂંટણી પંચના એક નિર્દેશના કારણે આ પરિવર્તન થયું હતું. સુશ્રી રશ્મિ શુક્લાને મહારાષ્ટ્ર કૉંગ્રેસ એકમના પ્રમુખ નાના પટોલેની

વિનંતીના કારણે હટાવાયાં હતાં. શ્રી વર્માને ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થવા સુધી ઉચ્ચ પદ પર નિયુક્ત કરાયા હતા.

આ સમયગાળા દરમિયાન રાજ્ય સરકારના પહેલા આદેશ મુજબ, સુશ્રી શુક્લા અનિવાર્ય રજા પર હતાં. રવિવારે ચૂંટણી પરિણામ જાહેર થવાની સાથે ચૂંટણી પંચે સોમવારે આદર્શ આચારસંહિતા પૂર્ણ થવાની જાહેરાત કરી હતી.

## KERALA-MISHAP

કેરળમાં આજે સવારે ટ્રકની ટક્કરથી બે મહિલા અને બે બાળકો સહિત પાંચ લોકોનાં મોત નિપજયાં છે. ત્રિસૂર જિલ્લાના નટ્ટિકામાં રસ્તાના કિનારે સૂતેલા શ્રમિકોને ટ્રકે ટક્કર મારતાં આ અકસ્માત સર્જાયો હતો. આ ઘટનામાં 7 ઇજાગ્રસ્તોને હૉસ્પિટલમાં દાખલ કરાયા છે, જેમાંથી બેની હાલત ગંભીર છે. પોલીસે અકસ્માત કરનારા ટ્રકચાલકને કસ્ટડીમાં લીધો છે.

## UN-GGIM-CONFERENCE

નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે આજથી 13મી એશિયા-પ્રશાંત ક્ષેત્ર માટેના સંયુક્ત રાષ્ટ્ર ભૌગોલિક માહિતી વ્યવથાપન સંમેલન પ્રારંભ થશે. ચાર દિવસીય સંમેલનમાં ભારતના 120 પ્રતિનિધિઓની સાથે 30 દેશોના 90 પ્રતિનિધિઓ પણ ભાગ લેશે.

આ પરિષદ ટકાઉ વિકાસ લક્ષ્યોને સાકાર કરવા ભૌગોલિક માહિતીના ઉપયોગને વધારવા વૈશ્વિક શ્રેષ્ઠ પ્રથાઓ, ઉભરતી ભૌગોલિક ટેક્નોલોજી અને પ્રાદેશિક વ્યૂહરચનાઓની રચના માટેનું મુખ્ય મંચ પૂરૂં પાડે છે. ભૌગોલિક આંકડાએ સ્થાન-વિશિષ્ટ સમય-આધારિત આંકડા છે. દેશના સર્વેયર જનરલ હિતેશકુમાર મકવાણાએ કહ્યું કે ભૌગોલિક સંદર્ભમાં ભારત એશિયા-પ્રશાંત ક્ષેત્રમાં અગ્રણી સ્થાન મેળવી રહ્યું છે.